અપીલ અરજી નં.૧૬૩ તા.૧૧–૭–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન,સ્લમ અપગ્રેડેશન સેલ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૧૮–૫–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧)શહેરમાં સૌથી વધુ ઝૂંપડપટ્ટી અને ઝૂંપડાની સંખ્યા કયા ઝોનમાં છે ? કેટલી ? વિ.મુદ્દા નં. (૧.૧) થી (૧.૪)ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૧૧–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૬૩/૨૦૧૧–૧૨

શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૧૮–૫–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) શહેરમાં સૌથી વધુ ઝૂંપડપટ્ટી અને ઝૂંપડાની સંખ્યા કયા ઝોનમાં છે ? કેટલી ? વિ.મુદ્દા નં. ૧.૧ થી૧.૪ ની માહિતી આપવા બાબતે વરાછા,ઉધના ઝોનમાંથી માહિતી મળી નથી,બીજા ઝોનમાંથી અસ્પષ્ટ, અધૂરી માહિતી મળી હોવાનું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વિસંગત માહિતી પત્રો અંગે લીંબાયત અને સ્લમ અપગ્રેડેશનને બન્ને વિરોધાભાસી માહિતીના અરજદારના દાવા અંગે પત્રોની નકલ સહ સ્પષ્ટતા કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૯૭ તા.૧૬–૭–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન),એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન, સ્લમ અપગ્રેડેશન સેલ) તથા અરજદારને મુળ અરજીની નકલ પાછળના ભાગની ઝેરોક્ષ વગરની નકલ રજુ કરેલ છે. જેથી આગળ પાછળની વિગતો સહિતની મુળ અરજીની નકલ તથા મુળ અરજીથી સોસાયટીની વિગતો/નામ માંગેલ છે કે કેમ ? તે આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/૨૯૦૮ તા.૩૦–૭–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/૧૩૫ તા.૧–૬–૧૧ થી તમામઝોન અને મુખ્ય હિસાબનીશને વિલંબથી તબદીલ કરેલ પત્રની નકલ, ઝોનની છેલ્લા પાંચ વર્ષની નાણાકીય જોગવાઈઓ અને થયેલ ખર્ચની યાદીની નકલ, ઝુંપડપટ્ટીના સમાચારના પેપર કટીંગની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/૧૬૦૩ તા.૧૬–૬–૧૧ ના પત્રની નકલ, રસ્તા વિભાગ લાઈટ વિભાગ અને પાણી વિભાગને લગતી માહિતીના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે વિલંબથી આપેલ પત્ર નં.એન.ઝેડ/આ.નં.૨૮૨૯ તા.૨૭–૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૬૫૧ તા.૨૬–૭–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, તબદીલ અરજીની નકલ, ન્યુઝ પેપર કટીંગની નકલ , છેલ્લા પાંચ વર્ષના નાણાકીય જોગવાઈ અને ખર્ચની યાદીની નકલ તથા જાહેર માહિતી અધિકારી ધ્વારા સમય અવધિ બાદ અરજદારને આપેલ માહિતી પત્ર નં.સે.ઝોન/૪૧૧ તા.૧૮–૬–૧૧ ની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં.એસયુસી/૭૬૩ તા.૨૭–૭–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એસયુસી/આ.નં.૪૦૭ તા.૯–૬–૧૧ ના પત્રની નકલ, ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/૧૩૨ તા.૩૦–૫–૧૧ થી લીંબાયત, રાંદેર,સ્લમ અપગ્રેડેશન સેલને તબદીલ કરેલ પત્રની નકલ,

અરજદારની મુળ અરજીની નકલ , વરાછાઝોન તરફથી આરટીઆઈ સેલ/આ.નં.૧૮ તા.૧૩–૬–૧૧ થી સ્લમ અપગ્રેડેશન સેલને સંપૂર્ણ તબદીલ કરેલ પત્રની નકલ, ઉધનાઝોન તરફથી તબદીલ કરેલ પત્રની નકલ, પેપર કટીંગની નકલ, છેલ્લા પાંચ વર્ષની નાણાકીય જોગવાઈઓ અને ખર્ચની યાદીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/આરટીઆઈ/૪૯૩ તા.૨૨–૭–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, પેપર કટીંગની નકલ, છેલ્લા પાંચ વર્ષના નાણાકીય જોગવાઈ અને ખર્ચની વિગત, ઉધનાઝોનના તબદીલ પત્રની નકલ , અરજદારને સમય અવધિ બાદ આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૩૨૫ તા.૨૨–૬–૧૧ ના પત્રની નકલ, છેલ્લા પાંચ વર્ષના ઝોનના કેપીટલ ખર્ચના લીસ્ટની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.વરાછાઝોન/આરટીઆઈ/૧૮૫ તા.૨૬–૭–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, પેપર કટીંગની નકલ, છેલ્લા પાંચ વર્ષથી કરવામાં આવેલ નાણાકીય જોગવાઈ અને ખર્ચ અંગેની યાદીની નકલ, પત્ર નં.વરાછા/ આટીઆઈસેલ/આ.નં.૧૮૫ તા.૧૩–૬–૧૧ થી સ્લમ અપગ્રેડેશન સેલને સંપૂર્ણ તબદીલ કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૩૩૧ તા.૨૧–૭–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, ઉધનાઝોનના તબદીલ પત્રની નકલ, રાંદેરઝોન તરફથી અરજદારને સમય અવધિમાં આપવામાં આવેલ માહિતી અંગે વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૨૧૭ તા.૮–૬–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે લીંબાયતઝોન તરફથી સમય અવધિ બાદ આપેલી માહિતી અંગેના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૯૨૫ તા.૨૧–૬–૧૧ ના પત્રની નકલ મળેલ છે. ઉધનાઝોન તરફથી સમય અવધિમાં આપેલ માહિતી પત્ર નં.સા.ઝોન/ટેક./૧૬૦ તા.૧૫–૬–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૮–૫–૧૧ ની અરજીથી સમાચાર પત્રકના આધાર ટાંકીને અરજદારે સુમપા વિસ્તારમાં જુદા જુદા ઝોનમાં બજેટના ખર્ચની જોગવાઈઓને ધ્યાને લઈ ઝુપંડપટ્ટી અંગે કરેલ ખર્ચની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી જણાવી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. ઉધનાઝોન તરફથી સા.ઝોન/૧૩૫ તા.૧–૬–૧૧ થી તમામઝોન તેમજ મુખ્ય હિસાબનીશને તબદીલ કરવામાં આવેલ. તેમજ પત્ર નં.સા.ઝોન/ટેક.૧૩૨ તા.૩૦–૫–૧૧ થી લીંબાયતઝોન, રાંદેરઝોન અને સ્લમ અપગ્રેડેશન સેલને તબદીલ કરવામાં આવેલ. જયારે વરાછાઝોન તરફથી પત્ર નં.આરટીઆઈ સેલ /આ.નં.૧૮૫ તા.૧૩–૬–૧૧ થી જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલને તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧.૧ શહેરમાં સોથી વધુ ઝૂંપડપટ્ટી અને ઝૂંપડાની સંખ્યા કયા ઝોનમાં છે ? કેટલી ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૧૧ તા. ૧૮–૬–૧૧ થી નિયત સમય અવધિ બાદ" સેન્ટ્રલઝોન વિસ્તારમાં કુલ ૨૨ ઝુંપડપટ્ટી આવેલ છે જેમાં કુલ ઝુપંડાની સંખ્યા ૭,૩૮૭ હોવાનું રેકર્ડ અનુસાર જણાય છે. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૬૦૩ તા.૧૬–૬–૧૧ થી સમય અવધિમાં કતારગામઝોન વિસ્તારમાં ઝુપંડપટ્ટીની કુલ સંખ્યા ૩૮ છે. અને ઝુપંડાઓની સંખ્યા ૧૦,૫૦૯ છે. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૯૨૫ તા.૨૧–૬–૧૧ થી સમય અવધિ બાદ લીંબાયતઝોન વિસ્તારમાં કુલ ૭૬ ઝુપંડપટ્ટી આવેલ છે. જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન તરફથી સ્લમ અપગ્રેડેશનસેલનો ઉપલબ્ધ રેકર્ડ જોતાં સુમપામાં સૌથી વધારે ઝુંપડા લીંબાયતઝોનમાં છે. જેમાં કુલ ૮૦ ઝુંપડપટ્ટી અને બાયોમેટ્રીક સર્વે મુજબ ઝુપંડાની અંદાજિત સંખ્યા ૪૦,૪૫૭ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં. (૧.૨.) મહાનગપાલિકાના બજેટમાંથી ઝુંપડપટ્ટી પાછળ અને ૬૩(૨) હેઠળ દરેક ઝોન દીઠ કેટલા રૂપિયા છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ખર્ચ કરવામાં આવ્યા છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૬૦૩ તા.૧૬–૬–૧૧ થી સમય અવધિમાં રસ્તા વિભાગ, લાઈટ વિભાગ, અને પાણી વિભાગ ના વર્ષ વિસ્તાર અને કરેલ ખર્ચ ની વિગતો તેમજ ડ્રેનેજ વિભાગ, ૨૦૦૮–૦૯ માં ડ્રેનેજ વિભાગ ધ્વારા ઝુંપડપટ્ટીમાં કામગીરી સોંપવામાં આવેલ ત્યાર બાદ કોઈ ડ્રેનેજ લાઈન નાંખવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/આરટીઆઈ/ આ.નં.૩૨૫ તા.૨૨–૬–૧૧ થી સમય અવધિ બાદ અઠવાઝોનમાં ૬૩(૨) હેઠળ કરવામાં આવેલ વર્ષ વાઈઝ જોગવાઈ તથા કરેલ ખર્ચની યાદી પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/આ.નં.૨૧૭ તા.૮–૬–૧૧ થી સમય અવધિમાં સુમપાના બજેટમાંથી કલમ–૬૩(૨) મુજબ રાંદેરઝોનમાં છેલ્લા પાંચ વર્ષની કરેલ ખર્ચની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક.૧૬૦ તા.૧૫–૬–૧૧ થી સમય અવધિમાં અરજદારને ૬૩(૨) હેઠળની છેલ્લા પાંચ વર્ષની ખર્ચ અંગેની માહિતી વિપુલ પ્રમાણમાં અને ઝુંપડપટ્ટી તેમજ સોસા. અલગ અલગ સ્વરૂપમાં માંગેલ હોય જે સામાન્યતઃ એકત્રિત સ્વરૂપમાં હોવાથી અરજદારને તા.૧૮–૬–૧૧ ના રોજ ઈન્સ્પેકશન મેળવી માહિતી મેળવવા જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૯૨૫ તા.૨૧–૬–૧૧ થી છેલ્લા પાંચ વર્ષની મંજુર થયેલ જોગવાઈ અને ખરેખર ખર્ચ ૬૩(૨) હેઠળ કરવામાં આવેલ પત્રકની વિગતો આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૧.૩.) પેપર કટીંગ મુજબ રાંદેરઝોનમાં ૯૫૯૨ ઝુંપડા પૈકી ૨૦૦૫–૦૬ માં ૧૩,૧૪,૨૦,૦૦૦ સને ૨૦૦૬–૦૭ માં ૧૭,૩૧ ,૩૩૦૦૦ સને ૨૦૦૭–૦૮ માં ૨૪૬,૨૪૨૦૦૦, ૪૨૦૦૦ સને ૨૦૦૮–૦૯ માં ૩૮,૩૧,૫૦,૦૦૦ અને સને ૨૦૦૯–૧૦ માં ૪૨,૧૬,૧૫,૦૦૦ ની જોગવાઈ કરવામાં આવી હતી સૌથી વધુ ઝુપડા ધરાવનાર ઉધનાઝોનમાં ૪૨,૫૭૨ ઝુંપડાઓ પૈકી સને ૨૦૦૫–૦૬ માં ઉધનાઝોનમાં ૧૬,૫૬,૮૪,૦૦૦ જયારે

લીંબાયતઝોનમાં ૧૭,૧૧,૦૬,૦૦૦ ૨૦૦૬–૦૭ માં ઉધનાઝોનમાં ૨૬,૭૬,૨૨.૦૦૦ લીંબાયતઝોનમાં ૧૭,૯૦, ૭૯,૦૦૦ ૨૦૦૭–૦૮ માં ઉધનાઝોનમાં ૨૪,૬૨, ૯૩,૦૦૦ જયારે લીંબાયતઝોનમાં ૨૧,૯૮,૪૧,૦૦૦ ૨૦૦૮–૦૯ માં ઉધનાઝોનમાં ૩૧,૩૮,૪૨,૦૦૦ લીંબાયતઝોનમાં ૩૦,૨૫,૬૦,૦૦૦, સને ૨૦૦૯–૧૦ માં ઉધનાઝોનમાં ૩૧ ,૦૦૧૧,૦૦૦ લીંબાયતઝોનમાં ૨૪,૯૧,૫૦,૦૦૦ ની જોગવાઈ હતી તો રાંદેરઝોનમાં ઝુંપડાનું પ્રમાણ ઓછું હોવા છતાં વધુ બજેટ ફાળવવાના કારણો અને કઈ ઝુંપડપટ્ટીમાં કેટલા રૂપિયા ખર્ચવામાં આવ્યા તેની ઉપરોકત નાણાની સંપૂર્ણ માહિતી. મુદ્દા નં.(૧.૪) ઉધનાઝોનમાં ઝુંપડપટ્ટી પાછળ અને ૬૩(૨) હેઠળ ઝુપંડપટ્ટીના નામ સાથે ૬૩(૨) હેઠળ નામ સાથે સોસા.માં ખર્ચ કરવામાં આવ્યો હોય તેની ખર્ચ નાણાની સંપૂર્ણ માહિતી. દા.ત. મોરારજી વસાહત સને ૨૦૦૫–૦૬ નો ખર્ચ સને ૨૦૦૬–૦૭ નો ખર્ચ ૬૩(૨) હેઠળ સોસા. અને ખર્ચ રૂપિયાની સંપૂર્ણ માહિતી. જે બાબતે અરજદારે વરાછાઝોન તેમજ ઉધનાઝોનમાંથી માહિતી મળી નથી જયારે બીજા ઝોનમાંથી અસ્પષ્ટ અને અધૂરી માહિતી મળી હોવાનું જણાવી તા.૧૧–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે અપીલના મુદ્દા (૧) (૧.૨ ) માં ૬૩(૨) હેઠળની સોસા. અને ઝુંપડપટ્ટીમાં કેટલા રૂપિયા ખર્ચવામાં આવ્યા તેની માહિતિ આપેલ નથી. તેવા પ્રશ્ન બાબતે વરાછાઝોન સિવાય તમામઝોન તરફથી મુદ્દા નં.૧.૨ ઝુંપડપટ્ટી પાછળ ૬૩(૨) હેઠળ થયેલ છેલ્લા પાંચ વર્ષના કુલ ખર્ચની વિગત જણાવવામાં આવેલ છે. જયારે અપીલના મુદ્દા નં.(૨) ૧.૪ માં ૬૩(૨) હેઠળ કઈ કઈ સોસા. છે અને તેમાં કેટલો ખર્ચ થયેલ છે તેની માહિતી આપેલ નથી. જે અંગે અરજદારે મુળ અરજીમાં ફકત ઉધનાઝોનની ઝુપંડપટ્ટી પાછળ ઝુંપડપટ્ટીના નામ સાથે અને સોસા.ના નામ સાથે ખર્ચની વિગત માંગેલ છે અને જે અંગે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી ઈન્સ્પેકશન કરી જરૂરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે અન્ય ઝોનમાં ૬૩(૨) હેઠળ કઈ કઈ સોસા.ઓ આવે છે તેના નામની માંગણી કરેલ છે તથા કઈ સોસા.માં કેટલા ખર્ચની માંગણી અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા ઉપસ્થિત કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી અરજદારને પત્ર નં.૧૬૦ તા.૧૫–૬–૧૧ થી તા.૧૮–૬–૧૧ ના રોજ ઈન્સ્પેકશન કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ છે પરંતુ અરજદાર તરફથી તેવું કોઈ ઈન્સ્પેકશન કર્યા વિના અપીલમાં માહિતી પૂરી પાડવામાં આવેલ નથી તેવો દાવો કરવામાં આવેલ છે. જયારે અપીલના મુદ્દા નં.(૩) મુદ્દા નં.૧ માં સ્લમ અપગ્રડેશન સેલ ના પત્ર નં.એસયુસી/૪૦૭ તથા પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૯૨૫ મુજબ લીંબાયતઝોનમાં ૮૦ ઝુંપડપટ્ટી અને બીજા પત્રમાં ૭૬ ઝુંપડપટ્ટી દર્શાવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ પત્રની અંદર સ્પષ્ટતા કરવામાં આવેલ છે એસયુસી/આ.નં. ૪૦૭ તા.૯–૬–૧૧ થી સ્લમ અપગ્રડેશન સેલના રેકર્ડ મુજબ લીંબાયતઝોનની ઝુંપડપટ્ટીની સંખ્યા જણાવેલ છે કે જેનો બાયોમેટ્રીક સર્વે મુજબ ઝુંપડાઓની ગણતરી થયેલ છે. તેવું જણાવેલ છે. પરંતુ વિસંગતતા બાબતે લીંબાયત કે સ્લમ અપગ્રેડેશન સેલ ધ્વારા કોઈ જ માહિતી પૂરી પાડેલ નથી. કોઈ સ્પષ્ટતા કરેલ નથી પરંતુ સ્લમ અપગ્રેડેશન ધ્વારા સર્વે કરનાર એજન્સીના વિસ્તાર વાઈઝ વર્ગીકરણની માહિતી રજૂ કરેલ છે. જે ૮૦ ની સંખ્યા દર્શાવે છે પરંતુ તેવી નકલ અરજદારને પૂરી પાડેલ નથી જે પૂરી પાડવી રહે.

આમ અરજદારને મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં વરાછાઝોને અઠવા, રાંદેર, તથા ઉધનાઝોન તરફથી મુદ્દા નં.(૧.૧) ની માહિતી પૂરી પડાયેલ નથી જે આપવા જોગ થાય જયારે સેન્ટ્રલઝોન તરફથી મુદ્દા નં.(૧.૨)ની નહી પુરી પડાયેલ દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને પુરી પાડવાની રહે. જયારે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ધ્વારા ઈન્સ્પેકશન કરી જરૂરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ છે પરંતુ તે ઈન્સ્પેકશન કરી માહિતી મેળવેલ છે કે કેમ ? તે બાબતે બંને પક્ષકારો પૈકી તે અંગે કોઈ પણ પક્ષકારે પ્રકાશ પાડેલ નથી. વધુમાં અરજદાર. અપીલના મુદ્દા નં.ર માં મુળ અરજીના મુદ્દા નં.૧.૪ બાબતે જે માંગણી કરવામાં આવેલ છે તે મુળ અરજીથી અલાયદી હોઈ આરટીઆઈ કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવાની રહે. વરાછાઝોન તરફથી સદર અરજી સંપૂર્ણ સ્લમ અપગ્રેડેશન સેલને તબદીલ કરેલ છે. પરંતુ વરાછાઝોન તરફથી કોઈ માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ નથી તેમજ તેના બજેટની જોગવાઈઓ અનુસાર ૬૩(૨) હેઠળ કરેલ ખર્ચ અને ઝુંપડપટ્ટીની વિગતો પૂરી પાડવામાં આવેલ નથી જે દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડવાની રહે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી આરટીઆઈ કાયદાની કલમ–૭(૯)ની જોગવાઈ અનુસાર મુદ્દા નં.૧.૨ તથા ૧.૪ માટે અરજદારને ઈન્સ્પેકશન આપવાની તૈયારી દર્શાવેલ છે આથી અરજદાર જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર માહિતી મેળવી શકે છે. જે અરજદાર તરફથી ઈન્સ્પેકશન મેળવ્યા વિના અપીલમાં રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૩ અંગે રાંદેર, લીંબાયત અને ઉધનાઝોન કક્ષાએથી કોઈ માહિતી પૂરી પાડેલ નથી. અત્રે એ પણ સૂચક છે કે અરજદારે ન્યુઝ કટીંગ આધારે તે માહિતી માંગેલ છે તેમ છતાં આ અંગે દફતરી હકીકત સ્પષ્ટ કરવી રહે.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૮–૫–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.(૧.૨) અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી મુદ્દા નં.(૧.૧) અંગે જાહેર માહિતી અધિકારી ઉધના, અઠવા અને રાંદેર ઝોન તરફથી નહીં પુરી પડાયેલી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭માં અત્રેની જાણ હેઠળ અનુક્રમ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન, કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તથા ડે.કમિ.અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે. મુદ્દા નં.૩ જે ન્યુઝ પેપર આધારિત છે જેથી યથાર્થતા અરજદાર અપીલ તબકકે રજૂ કરી શકયા નથી તેમ છતાં આ અંગે દફતરી હકીકત ચકાસી દફતર આધારિત માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અનુક્રમે જાહેર માહિતી અધિકારી રાંદેર, લીંબાયત,અને ઉધનાઝોનને જણાવવામાં આવે છે. જયારે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી મુદ્દા નં.૨ તથા ૪ અંગે ઈન્સ્પેકશન કરવાની તૈયારી દર્શાવેલ હોય. જે અંગે અરજદારને સમય અવધિમાં કરેલ સા.ઝોન/ટેક./૧૬૦ તા.૧૫–૬–૧૧ માં જણાવેલ પ્રસ્તાવ અનુસાર લાગત ફાઈલોનું ઈન્સ્પેકશન કરી પ્રસ્તુત કેસમાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ અનુસાર અરજદાર માહિતી મેળવવા સ્વતંત્ર છે. અરજદારે અપીલ તબકકે મુદ્દા નં.૧.૪ ની ઉધનાઝોન સિવાયના અન્ય ઝોનની મુળ અરજીથી અલાયદી માંગણી અંગે લાગત જાહેર માહિતી અધિકારીને નિયમ અને જોગવાઈ અનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,

(૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) , એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન, સ્લમ અપગ્રેડેશન સેલ) ....જાણ તથા અમલ માટે.

(૨) શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી,